## સાકરબજાર ત્રણ મહિના પછી પ્રથમવાર કામકાજના મૂડમાં

# ગ્રે માર્કેટમાં 'આઈનોક્સ'ની ફેન્સી

(બિઝનેસ ડેસ્ક) અમદાવાદ, તા.૧૧



- શેરમાં રૂ.૪૮-૫૦ અને ફોર્મમાં રૂ.૧૨૦૦-૧૩૦૦ના ભાવે સોદા
- 'ઓરટેલ'માં 'ગેઈમ' થઈ ગઈ, સેલર્સમાંથી રૂ.૨૮- ૩૦માં બાયર્સ ક્વોટ

'મોન્ટકાર્લો'ના આઈપીઓમાં માર ખાધા પછી ત્રણેક મહિના સાવ શાંત થઈ ગગેયલું ગ્રે માર્કેટ ફરીથી ધંધે લાગ્યું છે! 'આઈનોક્સ વિન્ડ'ના આઈપીઓમાં શેરદીઠ રૂ.૪૮- ૫૦ તથા મિનિમમ એપ્લિકેશન ફોર્મમાં રૂ.૧૨૦૦- ૧૩૦૦ના ભાવથી સાકર બજારમાં વર્ષ ૨૦૧૫માં કામકાજના શ્રીગણેશ થયા છે. શેરદીઠ રૂ.૩૧૫- રૂ.૩૨૫ની પ્રાઈસ બેન્ડ સાથે 'આઈનોક્સ' ૧૭ માર્ચના રોજ મૂડીબજારમાં આવી રહી છે. ફ્રેશ શેર દ્વારા રૂ.૭૦૦ કરોડ તથા ઓફર ફોર સેલ મારફત રૂ.૩૦૦ કરોડ એમ કુલ રૂ.૧૦૦૦ કરોડની મોટી સાઈઝ છતાં સાકર બજારમાં શેર અને ફોર્મ ખપી જતા હોવાનું સંભળાય છે. બાય ધ વે, ડિસે.૧૨ પછી પ્રથમવાર માર્કેટમાં રૂ.૧૦૦૦ કરોડની સાઈઝ વાળો મોટો ઈશ્યૂ આવી રહ્યો છે. રિટેલ ઈન્વેસ્ટર્સ માટે પાંચ ટકાનું ડિસ્કાઉન્ટ છે. કંપનીની પ્રમોટર્સ ગુજરાત ફ્લુરોકેમ ૭૫ ટકા હોલ્ડિંગ ધરાવે છે. ગુજરાત ફ્લુરો-કેમનો શેર હાલ રૂ.૭૬૦ ચાલે છે. ફેસ વેલ્યૂ રૂ.એકની છે. તેની અન્ય લિસ્ટેડ કંપની આઈનોક્સ લીઝરનો ભાવ રૂ.૧૭૨ છે. આઈનોક્સ વિન્ડના આઈપીઓમાં સાકર બજારની ફેન્સીના મૂળમાં સધ્ધર અને સારો ટ્રેક રેકોર્ડ ધરાવતા પ્રમોટર્સ છે.

દરમિયાન શેરદીઠ રૂ.૧૮૧- રૂ.૨૦૦ની પ્રાઈસ બેન્ડ સાથે જેનો આઈપીઓ તાજેતરમાં પૂરો થયો તે ઓરટેલ કોમ્યુનિકેશન્સમાં ગ્રે માર્કેટમાં રૂ.૩૦ની આસપાસ બાયર્સ લોવાવા માંડ્યા છે! મૂળ ૭૫ ટકા ભરાયેલો આ ઈશ્યૂ ટેકનિકલ કરામતથી માંડ માંડ પાર પડ્યો હતો. ગ્રે માર્કેટમાં સતત સેલર્સની સ્થિતિ દેખાતી હતી. હવે બાજી પલટાઈ છે! કહે છે કે, "ક્યુઆઈબી"ના સહારે ઉગરી ગયેલા "ઓરટેલ"ના ઈશ્યૂને 'મેનેજ' કરવામાં સહાયક બનનારાને ઊંચા ભાવે છોડાવવાની ગેઈમ ગોઠવાઈ ગઈ છે. સરવાળે લિસ્ટીંગ પ્રીમિયમથી થાય તો નવાઈ નહી! શેરદીઠ રૂ.૨૨૧- ૨૩૦ની પ્રાઈસ બેન્ડ વાળો એડલેબ્સનો ઈશ્યૂ બીજા દિવસના અંતે ૧૮ ટકા ભરાયો જેમાં રિટેલ પોર્શન ૩૫ ટકા ભરાયું છે. આજે ગુરૂવારે ભરણાનો છેલ્લો દિવસ છે. હાલત જોતા "એડલેબ્સ"ને પણ ઓરટેલની જેમ મેનેજ કરાય તો જ મેળ બેસે એમ છે. સાકર બજારમાં કોઈ લેવાલ હજી સુધી નથી.